॥ अमृतं तु विद्या ॥

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## કડી : ગાંધીનગર

- તમારા બાળકોને અહીં મોકલો. તેઓ અહીં સાચી કેળવણી પામશે.

  ૨૭-૯-૧૯૨૯ - પૂ. ગાંધીજી

- તમારી સંસ્થા ઇંગ્લેન્ડની પબ્લિક સ્કૂલ જેવું કાર્ય કરી રહી છે.

  ૪-૧-૧૯૨૬ - શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ

## કર ભલા હોગા ભલા

- પૂ. છગનભા

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

આજથી એંશી વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતનું સમાજજીવન અકળાવી મૂકે તેવું હતું. બધેજ અજ્ઞાન અને અંધકાર વ્યાપેલ હતો. એ જોતાં શિક્ષણના મશાલચીઓ માટેનો માર્ગ કંઇક વણખેડ્યો અને મુશ્કેલીભર્યો હતો.

આવા વિપરીત સંજોગો વચ્ચે સરઢવના એક પવિત્ર અને ઋષિતુલ્ય સ્વર્ગીય છગનલાલ પીતાંબરદાસ પટેલે ઇ.સ. ૧૯૧૯માં કડીમાં ભાડાના મકાનમાં ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓથી (અને તે પણ ઘેર ઘેર ફરીને ઉઘરાવેલા) એક આશ્રમ (હોસ્ટેલ) શરૂ કર્યો. એમણે કડીમાં શિક્ષણનો દીવો પ્રગટાવ્યો. એમનો પુરૂષાર્થ ફૂલ્યો ફાલ્યો અને એ પુરૂષાર્થનું સુફળ તે આજનું સર્વ વિદ્યાલય. એમણે ઉત્તર ગુજરાતમાં શિક્ષણની ભાગરથી પાર ઉતારી. આજે સૌ કોઇ એમને 'છગનભા' તરીકે ઓળખે છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ખુદ ઇ.સ. ૧૯૨૯માં આ સંસ્થાની મુલાકાત લીધી અને કહ્યું, **'તમારા બાળકોને અહીં મોકલો. તેઓ અહીં સાચી કેળવણી પામશે.'** મૂક લોકસેવક રવિશંકર મહારાજ પણ આ સંસ્થામાં પધારેલા છે. સર સયાજીરાવ મહારાજાએ પણ આ બંડખોર (એના શિક્ષકો અને કાર્યકરો આઝાદી જંગમાં સક્રિય હતા એટલે બંડખોર) સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવેલી.

આ એંશી વર્ષના ગાળામાં સંસ્થા ફૂલીફાલીને એક વટવૃક્ષ બની ચૂકી છે અને ૪૫ એકર જેટલી જમીન ઉપર એનો પ્રવૃત્તિવિસ્તાર વિસ્તરી ચૂક્યો છે. ઊંચા આસોપાલવ અને લીલાંછમ લીમડા એની અનેરી શોભા છે. પાંચથી વીસ વર્ષની ઉંમર સુધીના લગભગ ૫૦૦૦ (પાંચ હજાર) વિદ્યાર્થીઓ આ સંસ્થાની વિવિધ શાખાઓમાં અભ્યાસ અને તાલીમ મેળવી રહ્યા છે.

### રા. ર. શેઠશ્રી પ્રા. મ. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી :

સર્વ વિદ્યાલય એ આ કેમ્પસ્‌ની મૂળ અને કેન્દ્રિય સંસ્થા છે. વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું ધો. ૧૨ સુધીનું શિક્ષણ આપતી તે એક ઉચ્ચતર માધ્યમિક શાળા છે.

વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ઉજ્જવળ પરિણામો પ્રાપ્ત કરીને ઘણા વિદ્યાર્થીઓ મહત્ત્વની એવી મેડીકલ, એન્જીનીયરીંગ અને વાણિજ્ય શાખાઓમાં પ્રવેશ મેળવે છે. વાચનલેખન માટે અલાયદું સ્વતંત્ર 'હ. કા. વાંચનાલય અને પુસ્તકાલય' છે, જેમાં ૨૦,૦૦૦ કરતાં વધુ પુસ્તકો છે. કોમ્પ્યુટર શિક્ષણની જોગવાઇ પણ શાળામાં કરવામાં આવી છે.

## પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી :

વિજ્ઞાન કૉલેજ ચલાવવી અને નિભાવવી એ એક કપરું કામ છે. બી.એસસી. માં મુખ્ય વિષય તરીકે રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર જ્યારે ગૌણ વિષય તરીકે ભૌતિક, ગણિત, રસાયણ અને જીવવિજ્ઞાન શીખવવામાં આવે છે. કૉલેજને પોતાની હોસ્ટેલ પણ છે. છેલ્લા બે વર્ષથી ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીનો નવો વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જ્યારે વિનયન શાખામાં સંસ્કૃત અને ઈતિહાસ મુખ્ય વિષયો તરીકે અને માનસશાસ્ત્ર, ઈતિહાસ, ગુજરાતી સંસ્કૃત ગૌણ વિષય તરીકે શીખવવામાં આવે છે. કૉલેજમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇબહેનો અભ્યાસ કરે છે.

## શ્રી દશુભાઇ એ. પટેલ ટેક્નિકલ હાઇસ્કૂલ, કડી :

ટેક્નિકલ પ્રવાહ સાથેની ધો. ૧૦ સુધીની એક ટેક્નિકલ સ્કૂલમાં ટેક્નિકલ વિષયો જેવા કે ઇલેક્ટ્રીકલ મીકેનીકલ એન્જીનીયરીંગ, વર્કશોપ ટેકનોલોજી અને એન્જીનીયરીંગ ડ્રોઇંગ જેવા વિષયો શીખવવામાં આવે છે. શાળા પાસે સાધનસજ્જ એવાં બે મોટાં વર્કશોપ પણ છે. રાજ્ય કક્ષાના વિજ્ઞાન અને ટેક્નિકલ મેળાઓમાં ભાગ લઇ આ શાળાએ સારાં એવાં ઇનામો પણ મેળવ્યાં છે.

## શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, કડી :

આજના ટેકનોલોજીના યુગમાં મીકેનીકલ ડ્રાફ્ટ્સમેન, ફીટર, પ્લાસ્ટિક પ્રો. ઓપરેટર, ઇલેક્ટ્રીશીયન, કોમ્પ્યુટર (ડી.પી.સી.એસ.) અને વાયરમેનના અભ્યાસક્રમો યાંત્રિક જાણકારી અને રોજીરોટી માટે વિદ્યાર્થીઓને ખૂબજ ઉપયોગી થઇ પડ્યા છે.

આ વિસ્તારના લગભગ ૩૫૦ ગામડાના આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ

(તાલીમાર્થીઓએ) આ આઇ.ટી.આઇ. દ્વારા ચાલતા અભ્યાસક્રમોનો લાભ મેળવ્યો છે.

## મેઘના શિશુ વિદ્યાવિહાર, કડી :

બાળકો પ્રભુના પયગંબર ગણાય છે. જેથી નાનાં બાળકો માટે અદ્યતન મેઘના શિશુ વિદ્યાવિહાર (બાલમંદિર) શરૂ કરવામાં આવ્યું છે. ૨૫ લાખ રૂપિયાના ખર્ચે આ શિશુમંદિર બાંધવાનું કામ હાલ ચાલી રહેલ છે. શિક્ષણ અને રમતગમતનાં બૌદ્ધિક સાધનોથી એને સુસજ્જ કરવામાં આવનાર છે.

## શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા, કડી :

બાળકોને સઘન અને હેતુપૂર્ણ પ્રાથમિક શિક્ષણ ઉપરાંત તેમનું ચારિત્ર્ય ઘડતર સુંદર રીતે થાય તે માટે ધો. ૧ થી ૭ ની પ્રાથમિક શાળામાં અંદાજે ૧૭૦૦ જેટલા બાળકો હાલ અભ્યાસકાર્ય કરી રહેલ છે. પ્રાથમિક શાળાના મકાનને આપણા ભૂ.પૂ. આદરણીય **"ઋષિ આચાર્યશ્રી નાથાલાલ નારણદાસ દેસાઇ સરસ્વતી સદન"** નામાભિધાન આપવામાં આવેલ છે.

## શ્રી વિદ્યાર્થી આશ્રમ (હોસ્ટેલ), કડી :

દૂરસુદૂરના ગામોના વિદ્યાર્થીઓ માટે આપણે વિદ્યાર્થી આશ્રમ (હોસ્ટેલ) પણ ચલાવીએ છીએ. અહીં રહેતા છાત્રોનું જીવન આશ્રમ શાળાઓ જેવું હોય છે. એના દૈનિક કાર્યક્રમમાં પ્રાર્થનાનું ભારે મહત્ત્વ છે. સ્વાશ્રય અને સાદગીના સિદ્ધાંતનું પાલન કરવામાં આવે છે. સમાજ અને દેશની જરૂરિયાતોને લક્ષમાં રાખીને પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન થાય છે. ચારિત્ર્ય ઘડતર ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. જ્ઞાતિના બાધ વિના બધા જ વિદ્યાર્થીઓને અહીં પ્રવેશ મળે છે. ૭૦૦ વિદ્યાર્થીઓ-છાત્રોનો સમાવેશ કરી શકાય એવી હોસ્ટેલ વ્યવસ્થા છે. રૂપિયા એક કરોડના ખર્ચે હોસ્ટેલમાં ૧૦૦ નવીન રૂમોનું બાંધકામ ચાલી રહ્યું છે.

## ગુજરાત ગૌશાળા :

કડીથી ૨ કિ.મી. ના અંતરે સંસ્થાની એક સ્વતંત્ર ગૌશાળા છે. ગૌશાળાને પોતાની ૧૫૦ એકર જમીન અને સ્વતંત્ર ટ્યુબવેલ-પાણીનો બોર પણ છે જેનાથી ૧૨૫ કરતાં પણ વધુ ગાયોને નિભાવી શકાય છે. આજે તો આ

ગૌશાળાનું તાજું દૂધ સવાર-સાંજ બંને સમય આશ્રમના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

**મુદ્રણાલય :**

સંસ્થાના કેમ્પસમાં પ્રિન્ટીંગ પ્રેસ પણ છે. સુંદર અને સુઘડ મુદ્રણકાર્ય માટે એણે નામના મેળવી છે. શાળા-કૉલેજોને ઉપયોગી એવાં ફોર્મ્સ, પુસ્તકો અને અન્ય સામગ્રી છાપવાનું કાર્ય કરે છે. મોટા જથ્થામાં પ્રશ્નપત્રો છાપવાની એ ક્ષમતા ધરાવે છે. ટૂંક સમયમાં કોમ્પ્યુટર અને ઑફસેટ પ્રિન્ટીંગની સુવિધા સાકાર કરવાની શ્રદ્ધા છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
## ગાંધીનગર શાખા

ગ્રામ વિસ્તારના બાળકો ઉત્તમ શિક્ષણ મેળવીને ઉજ્જવળ ભવિષ્ય બનાવી રાષ્ટ્રસેવામાં સામેલ થાય તેવા શુભ હેતુથી પૂજ્ય સ્વર્ગીય પુરૂષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) એ મંડળના સહયોગથી ઈ.સ. ૧૯૭૮ માં ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં છાત્રનિવાસી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. ૨૦ એકર જેટલી જમીનના વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક સંકુલોનો ભવ્ય વિકાસ થયો છે.

**શ્રી માણેકલાલ એમ. પટેલ (કડીવાળા) શિક્ષણ સંકુલ, ગાંધીનગર :**

આ શિક્ષણ સંકુલમાં નીચે પ્રમાણેની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે.

**વિઠ્ઠલભાઈ માધવલાલ બાલમંદિર :**

બાળકોના સાચા ઘડતર માટે શિક્ષણ અને રમતગમતનાં વિવિધ સાધનો દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. આમાં હાલ ૬૦૦ શિશુઓ અભ્યાસ કરી રહેલ છે.

**જતનકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા :**

ગાંધીનગર કેમ્પસમાં સૌથી પહેલાં આ શાળાની શરૂઆત થઈ હતી. આ શાળામાં આશરે ૩૪૦૦ જેટલાં નાનાં ભૂલકાંઓ પોતાનું જીવનઘડતર કરી રહેલ છે.

### શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ :

ઉત્તમ શિક્ષણ તથા ઊંચા અને ઉજજવળ પરિણામો માટે સમગ્ર ગુજરાતમાં આ સંસ્થા સુવિદિત છે. ધો. ૮ થી ૧૨ વિજ્ઞાન સુધીનું શિક્ષણકાર્ય આપતી આ છાત્રનિવાસી શાળામાં ૨૫૦૦ બાળકો ભણે છે. આ સંકુલમાં મહેન્દ્ર મિલ્સ હોસ્ટેલ, શેઠશ્રી પુરૂષોત્તમદાસ એન્ડ ભીખાભાઈ હોસ્ટેલ અને શ્રી બાબુભાઈ એસ. પટેલ અને રમણભાઈ ડી. પટેલ છાત્રાલયોમાં ૪૦૦ બાળકો સારી રીતે રહી શકે તેવી વ્યવસ્થા છે.

## કાલુપુર બેંક કન્યા કેળવણી સંકુલ, ગાંધીનગર :

સમાજ પરિવર્તન માટે સ્ત્રી શિક્ષણ અનિવાર્ય ગણાયું છે. પરિણામે બહેનોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આ સંકુલમાં વિકાસ પામી છે.

### ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા મહિલા કોમર્સ કોલેજ :

બહેનોના ઉચ્ચ અભ્યાસક્રમ માટે વિનયન અને વાણિજ્યની આ કૉલેજ સમગ્ર ગુજરાતમાં સારા શિક્ષણ અને ઊંચા પરિણામો માટે જાણીતી છે. બહેનોની અભિરૂચિ પ્રમાણે વિવિધ વિષયોમાં સ્નાતક સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિષયમાં અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે. ૧૪૦૦ જેટલી બહેનો કૉલેજમાં ભણે છે.

### આર. જી. પટેલ ગર્લ્સ એન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા :

માધ્યમિક અને ઉ. માધ્યમિક (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ) શિક્ષણની સુવિધા છે. ૧૨૦૦ જેટલી બહેનો આ છાત્રાનિવાસી શાળામાં જીવન ઘડતર પામી રહી છે. શિસ્ત, શિક્ષણ અને સારા પરિણામો માટે શાળા જાણીતી છે.

### એમ. બી. પટેલ પ્રાથમિક કન્યા શાળા :

શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પ્રાથમિક કન્યા શાળામાં ૨૦૦૦ બાળાઓ ભણી રહી છે. બાળાઓના વ્યક્તિત્વના વિકાસ માટે વિવિધ

શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગ્રામ્ય પ્રદેશમાંથી આવતી બહેનો છાત્રાલયમાં રહે છે.

**શ્રીમતી હીરાબેન વિઠ્ઠલદાસ પટેલ કન્યા બાલમંદિર :**

આ શિશુમંદિરમાં ૬૦૦ બાળકો રમત પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણના વિષયોની જાણકારી મેળવે છે.

**શ્રી શિવાભાઈ વસંતભાઈ પટેલ શિવણ વર્ગ :**

બહેનો સ્વાશ્રયી બને જેથી આત્મનિર્ભર બનીને ગૌરવભેર જીવન જીવી શકે તે માટે શિવણવર્ગનું સંચાલન કરવામાં આવે છે. આ ત્રણ વર્ગોમાં ૬૮ જેટલી બહેનો શિવણ/ભરતગૂંથણની સારી તાલીમ મેળવે છે.

**શ્રી બળદેવભાઈ ગોપાલદાસ (ડિંગુચાવાળા) કન્યા છાત્રાલય :**

ગ્રામ્ય પ્રદેશમાંથી આવતી બહેનો માટે સુંદર અને સુવિધાપૂર્ણ છાત્રાલય બંનાવવામાં આવ્યું છે. જેમાં ૩૫૦ જેટલી બહેનો પોતાનું જીવન ઘડતર પામી રહી છે.

**કે. બી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ :**

કાલુપુર બૅંકના સહયોગ અને પ્રેરણાથી ગુજરાતમાં સર્વ પ્રથમ આત્મનિર્ભર ફાર્મસી ડીગ્રી કૉલેજ વર્ષ ૧૯૯૫ થી શરૂ કરવામાં આવી છે. ઉત્તમ શિક્ષણ અને સુસજ્જ પ્રયોગશાળાઓ અને અન્ય સુવિધાઓ માટે આ કૉલેજે ભારતભરમાં પ્રતિષ્ઠા મેળવી છે. સુંદર મકાન અને હોસ્ટેલોના નિર્માણ પાછળ ચાર કરોડ રૂપિયાનું ખર્ચ કરવામાં આવ્યું છે. આગામી વર્ષોમાં એમ.ફાર્મ. અને પી.એચ.ડી. ના શિક્ષણ ઉપરાંત રીસર્ચ સેન્ટર પણ શરૂ કરવામાં આવનાર છે. આ માટે રૂપિયા બે કરોડની જરૂર પડશે. હાલ ૨૫૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહેલ છે.

**એસ. કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ :**

વ્યાપારી સંકુલોના સુંદર મેનેજમેન્ટ અને કુશળ વહીવટ માટે એમ.બી.એ. અને એમ.સી.એ. ના વિશિષ્ટ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ માટે રૂપિયા ત્રણ કરોડનું ખર્ચ થવા સંભવ છે. એમ.બી.એ. માં ૬૦ અને એમ.સી.એ.માં ૩૦ બેઠકો આપણી સંસ્થાને ફાળવવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ માટે પણ હોસ્ટેલની સુવિધા પ્રાપ્ય છે.

**એસ. કે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બી.બી.એ. એન્ડ બી.સી.એ. :**

ધો. ૧૨ પછી મેનેજમેન્ટ અને કોમ્પ્યુટરના ઉચ્ચ શિક્ષણ માટે બી.બી.એ. અને બી.સી.એ.ના અભ્યાસક્રમો ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શરૂ કરવામાં આવનાર છે. મકાનો, લાયબ્રેરી, કોમ્પ્યુટરો અને સાધનસામગ્રી માટે અંદાજે ૩ કરોડ રૂપિયાની જરૂર પડશે.

**મમતા કોમ્પ્યુટર સેન્ટર :**

કોમ્પ્યુટર શિક્ષણ આજના યુગમાં આવશ્યક અને અનિવાર્ય ગણાયું છે. ગાંધીનગર કેમ્પસ્‌માં ભણતાં તમામ બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પસ્‌ની વિવિધ સંસ્થાઓમાં બધાં મળીને ૧૨૫ કોમ્પ્યુટરો વસાવવામાં આવ્યાં છે. વ્યાવસાયિક ધોરણે તાલીમ આપવાના વર્ગો પણ આ કેન્દ્ર દ્વારા શરૂ કરવામાં આવ્યા છે.

**સવિતાબેન ગોવિંદભાઈ ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળા :**

**સર્વ વિદ્યાલય ઈંગ્લિશ મિડિયમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ :**

ગુજરાતના બાળકો તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અંગ્રેજી માધ્યમની શાળામાં ભણે તે માટે એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. ધો. ૧ થી ૭ માં હાલ ૧૧૦૦ બાળકો ભણે છે. માધ્યમિક અને ઉ.મા. વિભાગ પણ શરૂ કરવામાં આવ્યા છે. આ બાળકો માટે છાત્રાલયની સુવિધા પણ છે.

**એન. આર. આઈ. ગેસ્ટ હાઉસ :**

પરદેશમાં વસતા આપણા ભૂ.પૂ. વિદ્યાર્થીઓ, દાતાઓ અને શુભેચ્છકો સ્વદેશની મુલાકાતે આવે ત્યારે તેઓ આરામ અને શાંતિથી રહી શકે તે માટે અદ્યતન સુવિધાપૂર્ણ મહેમાન ગૃહ ગાંધીનગર કેમ્પસ્‌માં બનાવવામાં આવી રહ્યું છે.

આમ વિશિષ્ટ અને અદ્યતન શિક્ષણની સુવિધાઓ મળી રહે તેવું આયોજન સૌના સાથ અને સહકારની શ્રદ્ધાથી અમલમાં મૂક્યું છે.

**માણેકલાલ એમ. પટેલ**　　**ડૉ. રામભાઈ એમ. પટેલ**　　**ડૉ. કનુભાઈ ડી. પટેલ**

મંત્રીઓ